ટેલિફોન: 0300 3000 007
ઈ-મેલ: communityimmunisations.service@nhs.net

Leicestershire Partnership NHS Trust
A university teaching and research-active Trust
Bridge Park Plaza
Bridge Park Road
Thurmaston
Leicester
LE4 8PQ
www.leicspart.nhs.uk

સપ્ટેમ્બર 2022

પ્રિય માતા-પિતા/કાળજી રાખનાર અને સગીર વ્યક્તિ,

**વાર્ષિક મોસમી ફ્લુ રસીકરણ**

રિસેપ્શન (પ્રાથમિક અભ્યાસનું પહેલું વર્ષ)થી 9મા વર્ષ સુધી સુધીના તમામ બાળકો અને સગીર વયના લોકોને Leicestershire Partnership NHS Trust (લેસ્ટરશાયર પાર્ટનરશિપ NHS ટ્રસ્ટ)ની સામુદાયિક રસીકરણ સેવા દ્વારા રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમના ભાગરુપે શાળામાં ફ્લુની રસી ઉપલબ્ધ કરાવવામાં આવી રહી છે.

ફ્લુ એક અપ્રિય બીમારી છે અને અમુક લોકોને ગંભીરપણે બીમાર કરે છે. ફ્લુની રસી મોસમી ફ્લુ (ઈન્ફ્લુએન્ઝા) સામે રક્ષણ આપે છે અને તે ફ્લુના ફેલાવાને નિવારવામાં, સહેલાઈથી બીમાર પડી શકે તેવા અન્ય લોકોનું રક્ષણ કરવામાં પણ મદદ કરશે.

રસીને એક નેઝલ (નાક વાટે) સ્પ્રે અથવા જીલેટિન રહિત ઈન્જેક્શન તરીકે ઑફર કરવામાં આવે છે. આ રસી વિશે વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: tiny.cc/fluvaccination અથવા અહીં અમારું એનિમેશન જુઓ: www.healthforkids.co.uk/staying-healthy/stopping-flu

**અમે તમારા બાળકને ત્યારે જ ફ્લુની રસી આપીશું જ્યારે અમને તમારી સંમતિ મળી હોય.** કૃપા કરીને સંમતિ આપવાનું કામ શક્ય તેટલું વહેલું કરશો, જેના માટે નીચે આપેલી સૂચનાઓનો ઉપયોગ કરશો. તમારે ફક્ત એક જ વખત તમારો નિર્ણય દાખલ કરવાનો છે.

## તમારા બાળકને ફ્લુની રસી અપાય તે માટે સંમતિ કેવી રીતે આપવી

- તમારી શાળા માટેના કોડને નોંધી લેશો. Beaumont Lodge Primary School માટે શાળા કોડ LE120087 છે
- અહીં મુલાકાત લઈને ઓનલાઈન સંમતિ પૂર્ણ કરો: www.leicsandrutlandimms.co.uk અથવા તમારા સ્માર્ટફોનના કેમેરાનો ઉપયોગ કરીને QR કોડ સ્કેન કરીને સીધા વેબસાઈટ પર જાઓ.
- **સિઝનલ (મોસમી) ફ્લુ** પસંદ કરો અને શાળા કોડ દાખલ કરો.
- સંમતિની જાહેરાત વાળા પાના ઉપર તમે ક્યાં તો નેઝલ ફ્લુ રસી અથવા જીલેટિન રહિત ઈન્જેક્શન થકી અપાતી ફ્લુ રસી માટે સંમતિ આપી શકો.
- જેવું પત્રક જમા થઈ જાય એટલે તમને ઈ-મેલ થકી પુષ્ટિ મળશે.



disability confident EMPLOYER

જો તમને ઓનલાઈન પત્રક ભરવામાં કોઈ મુશ્કેલીઓ થતી હોય, તો કૃપા કરીને અમને અહી કૉલ કરશો: **0300 300 0007** અથવા અહીં ઈ-મેલ કરશો communityimmunisations.service@nhs.net જો તમારી સંમતિના નિર્ણય અંગે તમે પોતાનો વિચાર બદલો, તો કૃપા કરીને ઉપર આપેલા નંબર પર કૉલ કરીને તે બદલાવશો.

તમારી સ્કૂલ તમને જણાવશે કે રસીકરણ સત્ર ક્યારે યોજાવાનું છે. સત્ર યોજાવાના એક કામકાજી દિવસ પહેલાં સંમતિ પ્રણાલી બંધ થશે. તમે તે દિવસે સંમતિ પત્રક જમા કરાવી શકશો નહિ.

| | |
|---|---|
| મારા બાળકને કઈ રસી ઑફર કરવામાં આવી રહી છે? | નેઝલ ફ્લુ રસીને નાક વાટે અપાતા એક ઝડપી અને પીડારહિત સ્પ્રે તરીકે ઑફર કરવામાં આવે છે. અમુક બાળકો તબીબી કારણોસર નેઝલ સ્પ્રે લેવામાં અસમર્થ હોવાને કારણે અથવા તે જીલેટિન રહિત હોય તેવી વ્યક્તિગત પસંદ માટે થઈને તે એક જીલેટિન રહિત ઈન્જેક્શન વાળા રુપમાં પણ ઑફર કરવામાં આવે છે. એ જાણવું અગત્યનું છે કે નેઝલ ફ્લુ રસીની સરખામણીમાં ઈન્જેક્શન ઓછું અસરકારક હોય છે. |
| મારા બાળક એક સ્વાસ્થ્ય સ્થિતિ ધરાવે છે અને સામાન્યપણે તે GP પાસેથી રસી લે છે. | તેઓ સ્કૂલ ખાતે પણ રસીકરણ કરાવી શકે છે. |
| મારું બાળક તબીબી કારણો સર નેઝલ ફ્લુ રસી લેવામાં અસમર્થ છે. | અમારી ટીમ સુપ્રત કરેલી તબીબી માહિતીની સમીક્ષા કરશે અને તેમની પાત્રતા અંગે ચર્ચા કરશે અને જો જરૂર હોય તો ઈન્જેક્શન થકી અપાતી ફ્લુ રસી ઑફર કરશે. |
| હું રસી ઉત્પાદ વિશેનું લીફ્લેટ (ચોપાનિયું) ક્યાં વાંચી શકું? | નેઝલ (નાક વાટે) આપી શકાય તેવી ફ્લુ રસી માટે, અહીં મુલાકાત લો: www.medicines.org.uk/emc/files/pil.3296.pdf<br>ઈન્જેક્શન વાટે આપી શકાય તેવી ફ્લુ રસી માટે, અહીં મુલાકાત લો: www.medicines.org.uk/emc/files/pil.12882.pdf |
| ત્યાં દેખાય છે કે ઈ-મેલ અડ્રેસ મેળ નથી ખાતું અથવા તે શાળા કોડ ઓળખાતો નથી. | એ ખાતરી કરો કે ઈ-મેલ અડ્રેસ અને શાળા કોડની આગળ અથવા તેના પછી સ્પેસ (ખાલી જગ્યા) અથવા વિરામચિહ્નો ન હોય. |
| જો સત્રના દિવસે મારું બાળક ગેરહાજર રહે અથવા બીમાર હોય તો શું? | રસીકરણ માટે એક વધારાની તક ઉપલબ્ધ કરાવવામાં આવશે અને વિગતો ઈ-મેલ થકી મોકલવામાં આવશે. |
| રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ શું છે? | વધુ જાણવા માટે અહીં મુલાકાત લો: www.nhs.uk/conditions/vaccinations |

આપના ભવદીય,

કમ્યુનિટી ઈમ્યુનાઈઝેશન સર્વિસ

**જો તમે આ પત્ર અન્ય કોઈ ભાષામાં વાંચવા માંગતા હોવ, તો અહીં મુલાકાત લેશો:**
**www.leicspart.nhs.uk/communityimms**

| | |
|---|---|
| અરબી | ذا كنت ترغب في قراءة هذه الرسالة بلغة أخرى، قم بزيارة موقعنا على الإنترنت |
| ગુજરાતી | જો તમે આ પત્ર ગુજરાતીમાં વાંચવા માંગતા હો તો અમારી વેબસાઈટ પર જાઓ |
| પોલિશ | Jeśli chcesz przeczytać ten list w innym języku, przejdź na naszą stronę. |
| પંજાબી | ਜੇ ਤੁਸੀਂ ਇਸ ਪੱਤਰ ਨੂੰ ਕਿਸੇ ਹੋਰ ਭਾਸ਼ਾ ਵਿੱਚ ਪੜ੍ਹਨਾ ਚਾਹੁੰਦੇ ਹੋ ਤਾਂ ਸਾਡੀ ਵੈੱਬਸਾਈਟ 'ਤੇ ਜਾਓ |
| સોમાલી | Haddii aad jeclaan lahayd inaad ku akhrido warqadan luuqad kale, booqo boggayaga internetka |
| ઉર્દુ | اگر آپ اردو میں یہ خط پڑھنا چاہتے ہیں تو ہماری ویب |

**જો તમે ફ્લુ રસીકરણ ચોપાનિયું અન્ય કોઈ ભાષામાં વાંચવા માંગતા હોવ, તો અહીં મુલાકાત લેશો:**
**www.gov.uk/government/publications/flu-vaccination-leaflets-and-posters**

ઉપલબ્ધ ભાષાઓમાં આમનો સમાવેશ થાય છે: અંગ્રેજી, અલ્બેનિયન, અરેબિક, બંગાળી, બલ્ગેરિયન, ચાઈનિઝ (સરળ બનાવેલ), ચાઈનિઝ (પરંપરાગત, કેન્ટોનિઝ),, એસ્ટોનિયન, ફારસી, ફ્રેન્ચ, ગ્રીક, ગુજરાતી, હિન્દી, લેટવિયન, લિથુઆનિઅન, પંજાબી, પશ્તો, પોલિશ, પોર્ચુગીઝ, રોમાનિઅન, રોમાની, રશિયન, સોમાલી, સ્પેનિશ, ટેગાલોગ, ટર્કિશ, ટ્વિ, યુક્રેનિયન, ઉર્દુ અને યિડિશ.

તે વેબસાઈટ પર બ્રિટિશ સાઈન લેંગ્વેજ (BSL)માં એક વિડીયોના રુપમાં અને ફક્ત ઑડિઓ સંસ્કરણમાં પણ ઉપલબ્ધ છે.